જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા..૨૩/૯/૨૦૧૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૧૯૧૪/૧૫

## ચોરીના બાઇકનો સરસામાન કોથળામાં ભરી લઇ નિકળેલ એક યુવકને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ,

ક્રાઇમબ્રાન્ચના મ.પો.કમિ.શ્રીએ મિલ્કત વિરુધ્ધના ગુનાઓ શોધી કાઢવા આપેલ સુચના અન્વયે પો.ઇન્સ.શ્રી એસ.એલ.ચૌધરી નાઓના સ્કોડના પો.સ.ઇ.ડી.એસ.ગોહિલ તથા સ્ટાફના માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો.રાકેશસીંહ ને મળેલ ચોકકસ બાતમી આધારે આરોપી ધ્રુવકુમાર નટવરલાલ કાવઠીયા ઉવ.૨૫ રહે.૪, માતૃમિલન સોસાયટી, આનંદ આઇસ્ક્રીમ પાસે, અંકુર ચાર રસ્તા, નારણપુરા, અમદાવાદ.મુળ ગામ લાઠી, રામનાથ સોસાયટી, તા.લાઠી, જી.અમરેલી નાને તા.૨૨.૯.૨૦૧૫ ના કલાક ૧૯.૩૦ વાગે પકડી અટક કરેલ છે.સદરી ઇસમ પાસેથી એક હિરો હોન્ડા સ્પ્લેન્ડર મોટર સાયકલના પાર્ટસ જેમાં સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલનું એન્જીન, ટાંકી, ચેસીસ, સ્ટેન્ડ તથા બાઇકને લગતો પરચુરણ સરસામાન કિ.રુ.૨૦૦૦.૦૦ નો એક કોથળામાંથી મળી આવતા જે સબંધે સદરીની પુછપરછ કરતા કોઇ સંતોષકારક જવાબ આપતો ન હોય સદર મો.સા.ના એન્જીનનો નંબર એકલવ્ય સોફટવેર મારફેત ચકાસતા સદર બાઇક રાજકોટ શહેરના પ્ર.નગર પો.સ્ટે.ખાતે ચોરીના ગુનાનું હોવાનું જણાઇ આવેલ.જે આધારે તપાસ કરી કરાવતા રાજકોટના પ્ર.નગર પો.સ્ટે.ખાતે ફ.ગુરનં.૧૯૭/૧૪ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો વાહન ચોરીનો ગુનો દાખલ થયેલ હોય જે ગુનો શોધી કાઢેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)